# Halo Ne Kidibai Ni Jaan ma Lyrics

કીડી બચિારી કીડલીને કીડીના લગનીયા લેવાય
પંખી પારેવડાને નોતર્યા..
હે કીડી ને આપ્યા સન્માન
હાલો ને કીડીબાઇની જાનમાં…

મોરલે બાંધ્યો રૂડો માંડવો રે, ખજુરો પરિસે ખારેક
ભુંડે રે ગાયાં રૂડાં ગીતડાં..
હે પોપટ પરિસે પકવાન,
હાલો ને કીડીબાઇની જાનમાં…

મકોડાને મોકલ્યો માળવે રે લેવા માંડવીયો ગોળ
મંકોડો કેડે થી પાતળો..
હે ગોળ ઉપડ્યો ન જાય
હાલો ને કીડીબાઇની જાનમાં…

મીનીબાઇને મોકલ્યાં ગામમાં રે એવા નોતરવાં ગામ
હામા મળ્યા બે કૂતરા..
હે બલિાડીના કરડ્યા બે કાન
હાલો ને કીડીબાઇની જાનમાં…

ઘોડે રે બાંધ્યા પગે ઘુઘરા રે, કાકીડે બાંધી છે કટાર
ઉંટે રે બાંધ્યા ગળે ઢોલકા..
હે ગધેડો ફુંકે હરણાઇ
હાલો ને કીડીબાઇની જાનમાં….

ઉંદરમામા હાલ્યા રે રીહામણે ને, બેઠા દરીયાને પેટ
દેડકો બેઠો ડગમગે..
હે મને કપડાં પેહરાવ
જાવું છે કીડીબાઇની જાનમાં….

વાંસડે ચડ્યો એક વાંદરો રે, જુએ જાનની વાટ
આજતો જાનને લુટવી..
હે લેવા સર્વેના પ્રાણ
હાલો ને કીડીબાઇની જાનમાં….

કઇ કીડીની કોની જાન છે રે, સંતો કરજો વચિાર
ભોજા ભગતની વનિતી..
હે સમજો ચતુર સુજાણ
હાલો ને કીડીબાઇની જાનમાં….

કીડી બચિારી કીડલી ને કીડીના લગનીયા લેવાય
પંખી પારેવડા ને નોતર્યા..
હે કીડી ને આપ્યા સન્માન
હાલો ને કીડીબાઇની જાનમાં…

Gujaratilyrics.com

GujaratiLyrics.com